સંસ્કાર સૌરભ

જેના હૃદયમાં દયા નથી તેનામાં કોઈ ગુણ નથી.
(હદીસ બોધ)

બોધ વચન

આપણા સુખનું બીજાનામાં આરોપણ એટલે પ્રેમ.
-બર્નાર્ડ શો.

આજની આરસી

૧૫ નવેમ્બર શુક્રવાર ૨૦૧૯
૧૭ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૧
કારતક વદ ત્રીજ સંવત ૨૦૭૬

સુબ્હ સાદિક	૫-૩૫
ખત્મે ઝવાલ	૧૨-૨૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય)	૬-૫૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત)	૫-૫૫

ગુટકુરિયું

આજકાલ ક્યાંય ફરવા જવાની જરૂર નથી.
કેટલાક લોકો બેઠાં બેઠાં જ મગજ ફેરવી નાખે છે !!

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

શમીએ ત્રણ, બાંગ્લાદેશે અંતિમ પાંચ વિકેટ ૧૦ રનમાં ગુમાવી

ભારતીય બોલરોનો તરખાટ : બાંગ્લાદેશ ૧૫૦ રનમાં ઓલઆઉટ

ભારત પ્રથમ દિવસના અંતે ૧ વિકેટે ૮૬ રન

ઢાકા, તા.૧૪

ભારત બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં ઈન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે પ્રથમ દિવસના અંતે મજબૂત સ્થિતિમાં છે. ટોસ હાર્યા પછી પ્રથમ બોલિંગ કરતાં ભારતે મહેમાન ટીમને ૧૫૦ રનમાં ઓલઆઉટ કરી હતી. તે પછી દિવસના અંતે ૧ વિકેટે ૮૬ રન કર્યા છે. ચેતેશ્વર પુજારા ૪૩ રને અને મયંક અગ્રવાલ ૩૭ રને રમી રહ્યા છે. બંનેએ બીજી વિકેટ માટે ૭૨ રનની પાર્ટનરશીપ કરી છે. ઓપનર રોહિત શર્મા ૬ રને અબુ જાયેદની બોલિંગમાં ડ્રાઈવ કરવા જતા કીપર દાસના હાથે કેચ થયો હતો.

બાંગ્લાદેશ ૧૫૦ રનમાં ઓલઆઉટ થયું હતું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશ પ્રથમ દિવસે ભારતીય ફાસ્ટ બોલર સામે ઝઝૂમ્યું હતું. ભારત માટે મોહમ્મદ શમીએ ૩ વિકેટ, જ્યારે રવિચંદ્રન અશ્વિન, ઉમેશ યાદવ અને ઈશાંત શર્માએ ૨-૨ વિકેટ લીધી હતી. બાંગ્લાદેશ માટે મુશફિકર રહીમે સર્વાધિક ૪૩ રન કર્યા હતા, જ્યારે કેપ્ટન મોમિનુલ હકે ૩૭ રનનું યોગદાન આપ્યું હતું. જોકે તે બંનેના આઉટ થયા પછી ટીમ પાણીમાં બેસી ગઈ હતી અને તેમણે પોતાની અંતિમ ૫ વિકેટ ૧૦ રનમાં ગુમાવી હતી. અશ્વિને આ ઈનિંગ્સમાં ઘરઆંગણે ૨૫૦ વિકેટ પૂરી કરી હતી.

ભારતે ટીમ હેટ્રિક લીધી હતી. ટી-બ્રેક પહેલાના બે બોલમાં મોહમ્મદ શમીએ સતત બે બોલમાં મુશફિકર રહીમ અને મહેંદી હસનને આઉટ કર્યા હતા. તે પછી ત્રીજા સેશનના પહેલા બોલે લિટન દાસ ૨૧ રને ઈશાંતની બોલિંગમાં ફર્સ્ટ સ્લીપમાં કોહલીના હાથે આઉટ થયો હતો. આમ ભારતે ૫૩.૫, ૫૩.૬ અને ૫૪.૧ ઓવરમાં વિકેટ ઝડપીને ટીમ હેટ્રિક લીધી હતી.

અગાઉ અનિલ કુંબલે અને હરભજન સિંહે આ સિદ્ધી મેળવી હતી

અશ્વિન ઘરઆંગણે ટેસ્ટમાં ૨૫૦ વિકેટ લેનાર ત્રીજો ભારતીય સ્પિનર બન્યો

ઈન્દોર,તા.૧૪

ભારતના ઓફ સ્પિનર રવિચન્દ્રન અશ્વિને પોતાની યશકલગીમાં વધુ એક છોગું ઉમેર્યું છે. બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં મોમિનુલ હકની વિકેટ ઝડપવાની સાથે જ અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાં ઘરઆંગણે ૨૫૦ વિકેટ ઝડપવાની યાદીમાં ત્રીજા ક્રમે આવી ગયો છે. અગાઉ લેજેન્ડરી લેગ સ્પિનર અનિલ કુંબલે અને પૂર્વ ભારતીય ક્રિકેટર હરભજન સિંહે આ સિદ્ધી મેળવી હતી. લંચ પૂર્વેના સેશનમાં અશ્વિનને બાંગ્લાદેશ સામે કોઈ સફળતા મળી નહતી. જો કે લંચ બાદ અશ્વિનની ફિરકીમાં બાંગ્લાદેશનો કેપ્ટન મોમિનુલ હક આવી ગયો હતો. અશ્વિને મોમિનુલ હકને ક્લિન બોલ્ડ કરતા ઘરઆંગણે ૨૫૦ વિકેટ ઝડપવાની સિદ્ધી પ્રાપ્ત કરી હતી.

અગાઉ અનિલ કુંબલેએ ઘરઆંગણે ટેસ્ટ ક્રિકેટમાં ૩૫૦ વિકેટ જ્યારે હરભજન સિંહે ૨૬૫ વિકેટ ઝડપવાનું કિર્તિમાન મેળવ્યું હતું.આ ઉપરાંત અશ્વિન વિશ્વ ક્રિકેટમાં ઘરઆંગણે સૌથી ઝડપી ૨૫૦ વિકેટ ઝડપનાર ક્રિકેટર બન્યો હતો. શ્રીલંકાન સ્પિનર મુથૈયા મુરલિધરને ૪૦ ટેસ્ટમાં જ આ બહુમાન મેળવ્યું હતું જ્યારે ભારતીય બોલર અનિલ કુંબલેએ ૪૧ ટેસ્ટ મેચમાં ઘરઆંગણે ૨૫૦ વિકેટ ઝડપી હતી. રવિચન્દ્રન અશ્વિને ભારતની ધરતી પર ૨૫૦મી વિકેટ ૪૨મી ટેસ્ટમાં મેળવીને આ યાદીમાં સ્થાન મેળવ્યું છે.

પાકિસ્તાનમાં ૧૦ વર્ષ બાદ ટેસ્ટ ક્રિકેટની વાપસી, ડિસેમ્બરમાં શ્રીલંકા રમશે સિરીઝ

લાહોર,તા.૧૪

શ્રીલંકાએ ડિસેમ્બરમાં પાકિસ્તાનમાં બે ટેસ્ટની સિરીઝ રમવાની ખાતરી કરી, જેથી દેશમાં એક દાયકા કરતા વધુ સમય બાદ ટેસ્ટ ક્રિકેટની વાપસી થશે. આ સિરીઝ હાલની વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ રહેશે. એકદિવસીય કેપ્ટન દિમુથ કરૂણારત્ને અને ટી૨૦ કેપ્ટન લસિથ મલિંગા સહિત ટોચના ૧૦ ખેલાડીઓ સુરક્ષાને કારણે હટ્યા છતાં શ્રીલંકાએ આ વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં પાકિસ્તાનમાં દ્વિપક્ષીય એકદિવસીય અને ટી૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝ રમી હતી.

આગામી સિરીઝની પ્રથમ ટેસ્ટ ૧૧થી ૧૫ ડિસેમ્બર સુધી રાવલપિંડીમાં જ્યારે બીજી ટેસ્ટ ૧૯થી ૨૩ ડિસેમ્બર સુધી કરાચીમાં રમાશે. પીસીબીના ડાયરેક્ટર (આંતરરાષ્ટ્રીય ક્રિકેટ) જાકિર ખાને કહ્યું, 'પાકિસ્તાનના ક્રિકેટ અને વિશ્વના કોઈ અન્ય દેશની જેમ સુરક્ષિત દેશના રૂપમાં તેની પ્રતિષ્ઠા માટે આ શાનદાર ખબર છે. રમતના મોટા ફોર્મેટ માટે ટીમ મોકલવા પર રાજી થવા માટે અમે શ્રીલંકાનો આભાર વ્યક્ત કરીએ છીએ.'

ખાને કહ્યું કે, આ સમર્થનથી દેશમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ નિયમિત રૂપથી બીજીવાર શરૂ કરાવવાના પ્રયાસને મદદ મળશે. શ્રીલંકાએ જ ૨૦૦૯મા પાકિસ્તાનમાં છેલ્લી ટેસ્ટ રમી હતી. તે પ્રવાસ દરમિયાન લાહોરમાં આતંકીઓએ શ્રીલંકાની ટીમ પર હુમલો કર્યો હતો ત્યારબાદ આંતરરાષ્ટ્રીય ટીમોએ ક્રિકેટ રમવા માટે પાકિસ્તાન આવવાની ના પાડી દીધી હતી.

પાકિસ્તાન સામેની પહેલી ટેસ્ટ પહેલાં જ ટીમની બહાર

ઓસ્ટ્રેલિયાનો ક્રિકેટર વીલ પોકોવસ્કી માનસિક વ્યાધિનો શિકાર બન્યો

સિડની,તા.૧૪

કાંગારુના હુલામણા નામે જાણતી ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમનો વધુ એક ક્રિકેટર વીલ પોકોવસ્કી માનસિક વ્યાધિનો શિકાર બની જતાં પાકિસ્તાન સાથેની પહેલી ટેસ્ટ મેચ પહેલાંજ ટીમની બહાર નીકળી ગયો હતો.

આ ટેસ્ટ દ્વારા ૨૧ વર્ષનો વીલ ટેસ્ટ મેચમાં ડેબ્યુ કરવાનો હતો. પાકિસ્તાન સાથેની પહેલી ટ્રેસ્ટ મેચ બ્રિસબેનમાં યોજાવાની છે. ઓ,સ્ટ્રેલિયન પસંદગીકારોને વીલે પોતે જણાવ્યું હતું કે મને ટીમની બહાર જવા દો. મારી માનસિક તબિયત સારી નથી. અત્યાર અગાઉ ગ્લેન મેક્સવેલ અને નીક મેડિનસને ક્રિકેટની સ્પર્ધામાંથી બ્રેક જાહેર કર્યો હતો.

પાકિસ્તાન સાથેની પહેલી ટેસ્ટના ખેલાડી તરીકે પસંદ થયેલા ૧૪ ક્રિકેટર્સમાં વીલને પણ તક મળી હતી. પરંતુ એણે પસંદગીકારોને જણાવ્યું હતું કે મને ટેસ્ટ માટેની ટીમની બહાર જવા દો. મારી માનસિક સ્થિતિ બરાબર નથી. પહેલાં એવી ધારણા હતી કે બ્રિસબેન મેચમાં વીલ ડેબ્યુ કરશે. પરંતુ વીલે તો નહીં રમવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

ચાલુ વરસે ફેબ્રુઆરીમાં ઓસ્ટ્રેલિયન ટીમ શ્રીલંકા સાથે ટેસ્ટ સિરિઝ રમવાની હતી ત્યારે પણ વીલની પસંદગી થઈ હતી પરંતુ એણે માનસિક કારણ આગળ ધરીને બ્રેક લીધો હતો. અત્યારે વીલના સ્થાને ટીમના ઓપનર કેમેરોન બેનક્રોફટને તક આપવામાં આવી હતી. એણે પાકિસ્તાન સામેની ટુર મેચમાં ૪૯ રન કર્યા હતા.

સમગ્ર કચ્છ બન્યું ઠંડુગાર

કચ્છમાં ધોધમાર વરસાદ સાથે બરફવર્ષા : ખેતીવાડીને નુકસાન

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૧૪

કચ્છ તા.૧૪-૧૧ની બપોરે ધોધમાર વરસાદ સાથે બરફ પડતા ખેતીવાડીમાં ભારે નુકસાન થયું છે. બીજી તરફ પવન અને વરસાદના પગલે કચ્છભરમાં એકાદ કલાકમાં જ ઠંડીનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. ગુરૂવારની બપોરે પશ્ચિમ દિશાએથી અચાનક વરસાદે જાણે કે આક્રમણ કર્યું હોય તેમ ધોધમાર વરસાદ અને તેની સાથે જ બરફના કરા પડતા ભૂજ સહિત પશ્ચિમ કચ્છ પાણી-પાણી થયું હતું.

ભૂજમાં માત્ર અડધા કલાકના વરસાદ દરમ્યાન પાણીથી શેરીઓ વહી નીકળી હતી. પવન એટલો જોરદાર હતો કે આંધી જેવું વાતાવરણ સર્જાયુ હતું. વરસાદ સાથે બરફના કરા પડતા સમગ્ર કચ્છ ઠંડુગાર બની ગયું હતું.

પાકિસ્તાન સામે ટેસ્ટ સિરીઝ માટે ઓસ્ટ્રેલિયન ટીમ જાહેર, બેનક્રોફટની વાપસી

લાહોર,તા.૧૪

પાકિસ્તાન સામે ૨૧ નવેમ્બરથી રમાનારી બે મેચોની ટેસ્ટ સિરીઝ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ જાહેર થઈ ગઈ છે. કેમરૂન બેનક્રોફટની ટેસ્ટ ટીમમાં વાપસી થઈ છે. પાકિસ્તાન વિરુદ્ધ રમાનારી બે ટેસ્ટ મેચોની સિરીઝ માટે ૧૪ સભ્યોની ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત થઈ ગઈ છે. આ ટીમમાં ઘણા એવા ખેલાડીઓને તક મળી છે, જેને બહાર કરી દેવામાં આવ્યા હતા. પાંચ મેચોની એશિઝ સિરીઝમાં ખરાબ પ્રદર્શન છતાં ડેવિડ વોર્નરને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. તો કેમરૂન બેનક્રોફટને પણ તક મળી છે. યજમાન ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન વચ્ચે રમાનારી આ ટેસ્ટ સિરીઝ આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ છે, જેમાં પાકિસ્તાન ટીમ પોતાનો પ્રારંભ કરી રહી છે, જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ એશિઝ સિરીઝમાં ઈંગ્લેન્ડ સામે રમી ચુકી છે. પાંચ મેચોની એશિઝ ટેસ્ટ સિરીઝમાં ઓસ્ટ્રેલિયાને બે મેચમાં હાર તો બેમાં જીત મળી હતી. એક મુકાબલો ડ્રો રહ્યો હતો. પાકિસ્તાનની ટીમ આ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પોતાની પ્રથમ મેચ રમવા ઉતરશે. મહત્વનું છે કે ભારત આ ૯ દેશો વચ્ચે રમાઇ રહેલી આઈસીસી ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં ટોપ પર છે. ભારતે વેસ્ટ ઈન્ડિઝને બે મેચોની સિરીઝમાં અને આફ્રિકાને ત્રણ મેચોની સિરીઝમાં ક્લીન સ્વીપ કર્યું હતું. આ રીતે ભારત ૨૪૦ પોઈન્ટની સાથે આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને આઈસીસી ટેસ્ટ રેંકિંગમાં ટોપ પર છે.

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ હોમ ફાયનાન્સ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટ્રેડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૩૧, ટેલિ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિ. (અગાઉની કેપિટલ ફર્સ્ટ હોમ ફાયનાન્સ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)નાં વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૨૬-૦૮-૨૦૧૯** રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧.નિલેશ આર.કોઠારી, ૨.પુષ્પાબેન રમેશકુમાર કોઠારી, ૩.નીલવર્ષા સિલેકશન,૪. રમેશચંદ્ર ગીરધરલાલ કોઠારી, રૂા.૬,૪૩,૭૩૧.૩૫ (રૂપિયા છ લાખ તેતાળીસ હજાર સાતસો એકત્રીસ અને પાત્રીસ પૈસા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી **૬૦ દિવસ**ની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધીથીની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજ એટલે કે **તા.૦૭-૦૮-૨૦૧૯** ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર અને સહ-દેણદારોને આ નોટિસ પાઠવવા છતાં સંપૂર્ણપુરા વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદારો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કરતાં દ્વારા સૂચિત કાયદો નિયમ-૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલું મિલકતનો પ્રતિકાત્મક કબજો **૧૨મી નવેમ્બર, ૨૦૧૯**ના રોજ લઈ લીધો છે.

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા ભાવિવ વ્યાજરે ઉપરાંત તે ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટે **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ હોમ ફાયનાન્સ લિમિટેડ તરીકે અને હાલમાં IDFC બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે)** ઉપરોકત ડિમાન્ડ નોટિસ દર્શાવેલ **રૂા.૬,૪૩,૭૩૧.૩૫ (રૂપિયા છ લાખ તેતાળીસ હજાર સાતસો એકત્રીસ અને પાત્રીસ પૈસા)**ઉપરાંત તે ચૂકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હક્કને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈ મુજબ ઉપલબ્ધ સમય મર્યાદામાં સલામત મિલકતો પરત મેળવી શકે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ **ફ્લેટ નં.એચ/૧૦ બીજો માળ, ક્ષેત્રફળ ૬૫૫ સ્કે.વાર,'કિરણ એપાર્ટમેન્ટ'કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ. સ્થિત ફાઈનલ પ્લોટ નં. ૧૧૮૮ ટીપીએસ ૧૪ મોજે દરિયાપુર-કાજીપુર તા.અસારવા, જિ.અમદાવાદ અને રજિ સબ જિ. અમદાવાદ -૬(નરોડા).**

તારીખ: ૧૪ નવેમ્બર,૨૦૧૯ સહિ/-
સ્થળ :- ગુજરાત અધિકૃત અધિકારી
લોન એકાઉન્ટ નં.૧૦૮૮૨૦૭. આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ હોમ ફાયનાન્સ લિમિટેડ તરીકે અને હાલમાં આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે વિલય થયેલ છે.)

એસ્પાયર હોમ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ
મોતીલાલ ઓસ્વાલ ટાવર, રહેમતુલ્લાહ સયાની રોડ, એસ.ટી. ડેપોની સામે, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫,
ઈ-મેઈલ: info@ahfcl.com CIN : U65923MH2013PLC248741

કબજા નોટિસ (સ્થાવર મિલકત/તો માટે)

આથી નીચે સહી કરનાર એસ્પાયર હોમ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ ૨૦૦૨માં રૂલ ૮ (૧) મુજબ માન્ય અને સિકયુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-૨૦૦૨ની કલમ-૧૩(૧૨) હેઠળ રૂલ-૩ સહિત વાંચવું હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરતા નીચે દર્શાવેલ દરેક એકાઉન્ટ વિરૂદ્ધ જણાવેલ તારીખે સંબંધિત દેણદારોને દરેક એકાઉન્ટની સાથેના નાણાં આ નોટિસ/સો મળ્યે તારીખ/નોટિસ તારીખના દિન-૬૦માં પરત કરવા ડિમાન્ડ નોટિસ ઈસ્યુ કરી હતી.
દેણદારો ઉપરોકત નાણાં પરત ચૂકવવામાં નિષ્ફળ જતાં અત્રે દેણદાર/સે અને ખાસ કરીને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે. ઉપરોકત કાયદાની કલમ-૧૩ (૪) રૂલ-૮ સહિત વાંચવું મુજબ મળેલ સત્તાનો ઉપયોગ કરવા નીચે સહી કરનાર તે/તેણીએ નીચે નિર્દિષ્ઠ મિલકતોનો દરેક એકાઉન્ટ સામે દર્શાવેલ તારીખે કબજો મેળવી લીધો છે.
દેણદાર/રો અને ખાસ કરીને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોકત મિલકત/તો બાબતે કોઈ સોદાબાજી કરવી નહીં અને કોઈપણ સોદાબાજી મિલકત/તો સંબંધી થશે તો તે એસ્પાયર હોમ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડનો લોન કરારમાં દર્શાવેલ વ્યાજ સહિતની રકમનો વસૂલાતનો વિષય રહેશે. દેણદારોનું ધ્યાન દોરવાનું કે ઉપલબ્ધ સમય દરમ્યાન કાયદાની કલમ-૧૩ પેટા કલમ-(૮)ની જોગવાઈ મુજબ સલામત મિલકતો પરત મેળવી શકે છે.

ક્રમ નં.	લોન કરાર નં./દેણદાર/સહ દેણદાર/ ગેરેન્ટરના નામ	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	કબજો લેવાની તારીખ	મોર્ગેજ મિલકત/તોની વિગતો
1	LXPAL00417-180066833 ટીનાબેન તેજાજી પરમાર અને સેજલબેન ટીનાજી પરમાર	૨૪-૦૫-૨૦૧૯ માટે રૂા.૪૩૫૭૭/-	૦૯-૧૧-૨૦૧૯	મિલકત નં. ૮૩/૧, શિવશક્તિ નગર, વોટર ટેન્ક પાસે,વાસણા, પાલનપુર, બનાસકાંઠા, ગુજરાત-૩૮૫૫૨૦.
2	LXSUR00316-170022940 પ્રભાકર ઓમપ્રકાશ પાંડે અને સુધાકર ઓમપ્રકાશ પાંડે	૨૪-૦૫-૨૦૧૯ માટે રૂા.૧૫૮૧૩૨૮/-	૧૧-૧૧-૨૦૧૯	પ્લોટ નં. ૨૨૩, માનસી રેસિડેન્સી આર.એસ. નં.૧૯૦ અને ૨૧૨, બ્લોક નં. ૩૨૪ અને ૩૨૫,ટીપી સ્કીમ નં. ૬૨, એફપી નં. ૧૨૦, ૧૨૦/એ અને ૧૨૦/બી, નંદનવન ટાઉનશિપ,ટિંડોલી રોડ, ટીંડોલી, સુરત, ગુજરાત-૩૯૪૨૧૦.
3	LXSUR00415-160009787 સુરેશ મહાદુ મિસ્ત્રી અને માલુ સુરેશ મિસ્ત્રી	૦૪-૦૫-૨૦૧૬ માટે રૂા.૫૮૮૦૩/-	૧૧-૧૧-૨૦૧૯	ફલેટ નં. ૧૦૩ શુભલક્ષ્મી રેસિડેન્સી વિરૂપતિ સો. પ્લોટ નં.૧૭૩ કવોદરા સુરત સંજયની આઈ હોસ્પિટલની બાજુમાં -૩૯૪૨૩૦ સુરત ગુજરાત.
4	LXADA00316-170035535 અભિમન્યુ રામબચન સિંગ અને સુમન અભિમન્યુ સિંગ	૦૪-૦૫-૨૦૧૬ માટે રૂા.૯૯૧૭૩૪/-	૧૧-૧૧-૨૦૧૯	રો હાઉસ નં. ૪૦૦ નીલકંઠ રેસિડેન્સી રેલવે ક્રોસિંગ પાસે, ગોકુલધામ પલસાણા રેસીડેન્સી પાસે તાતીથૈયા ગામ પાળજા સંકી રોડ-૩૯૪૩૦૫ સુરત ગુજરાત.
5	LXSUR00217-180060941 આશિષકુમાર ઈચ્છારામ મિશ્રા અને સંધ્યા આશિષ મિશ્રા	૨૪-૦૬-૨૦૧૬ માટે રૂા.૫૫૯૯૦૫/-	૧૧-૧૧-૨૦૧૯	ફલેટ નં. ૩૦૯ ઉજ્જ માળ સોની, પાર્ક સોસાયટી-૨ પ્લોટ નં. ૫૭,૫૮ બ્લોક નં. ૧૨૭ ૪૨ ૪૩,૩૨૬ ૨ ૪ ૧૧એ ૩૯ ૧૪ ૧૫ ૧૬ ૧૩એ ૩૨૫ ૩૨૩ એ ૧૫ ૧૨ ૨૧ ૪૩ ૪૦ એ શિવગંગા રેસ, સુરત ગુજરાત-૩૯૪૩૦૫.
6	LXSUR00215-160009416 નીતિન વિજય સાલી અને લતાબેન નીતિન સાલી	૨૪-૦૫-૨૦૧૬ માટે રૂા.૮૦૮૬૩૩/-	૧૧-૧૧-૨૦૧૯	સુકુન રેસિડેન્સી-૧ સોની પાર્ક હાઉસિંગ સોસાયટી બ્લોક નં. ૩૮,૪૦-એ, ૪૧,૪૨,૪૩,૧૫૭,૩૨૩-એ ૩૨૧ બ્લોક નં.૨,૪,૫૧૧-એ,૧૨, ૧૩-એ, ૧૪,૧૫, ૧૬ એસ્સાર પેટ્રોલ પંપની પાસે બારડોલી રોડ પલસાણા સુરત ગુજરાત-૩૯૪૩૦૫.

સ્થળ : ગુજરાત
તારીખ : ૧૫-૧૧-૨૦૧૯
સહી
અધિકૃત અધિકારી
(એસ્પાયર હોમ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ)

પશ્ચિમ રેલવે
ઈલેક્ટ્રિકલ કાર્ય

નં. DRM/ELJET/BVP/2019-20/20 તારીખ 13.11.2019. ઈ-ટેન્ડર આમંત્રિત કરવી નોટિસ આમંત્રણ સંકુચિત કરી અને માત્ર જે ઈલેક્ટ્રિકલ વેન્ડર મેનેજર (ઈલેક્ટ્રિકલ) પશ્ચિમ રેલવે, ભાવનગર પાસ નોંધેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત છે. ટેન્ડર નં. 20-2019-20 કામનું નામ નોટીસી ઈલેક્ટ્રિકલ કાર્ય (એ) સુરેન્દ્રનગર-મોટા, વેસ્ટલ (એલાઈ નં. 147 સાબરમતી-કાંકરી અને એલાઈ-નં. 160 કાંકરી-ભાવનગર ઈન્ટરસેક્શન) (બી) વોલ્ટાઈસ્ટેશન સંકલન (એલાઈ-નં. 12 ભક્તિનગર, એલાઈ-નં. 71 સાબરમતી-ભાવનગર અને એલાઈ-નં. 42 તીર્થરાજ-સાબરમતી)નું ઈન્ટરલોકીંગ. **ઈન્ટ્રાસ્ટ એલ્ટ : ₹ 9,30,485/- ટેન્ડર ફી : ₹ 2,000/- ઈમેન્ડી રકમ : ₹ 18,600/- કામનું** ડિસ્ટ્રિબ્યુશન વેન્ડર મેનેજર (એલ) નોટીસી, ડિવિઝનલ રેલવે મેનેજર, ભાવનગર-364001. નોટીસી વીશે વિગતે) પણ www.ireps.gov.in વેબસાઈટ ઓનલાઈન ખાતે જોવાની એટલે જુઓ સિવાય માટે વેબસાઈટ www.ireps.gov.in જોવા વિનંતી. ટેન્ડર બુકિંગના ટેન્ડર માટે ઓનલાઈન ભરવા પ્રારંભની તારીખ 10/12/2019-સ 15.00 કલાક સુધીનો. 139

www.ireps.gov.in facebook.com/WesternRly

BHANDERI INFRACON LIMITED
Regd. Office : B/12, Jabuka Complex, Nr. Bajrang Ashram, Below Vikas School, Nh-8, Thakkarbapanagar, Ahmedabad -382350 (CIN No. L45201GJ2004PLC044481)

EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2019

PART I (Rs.in Lacs)

SR. NO.	PARTICULARS	Half Year Ended			Year Ended
		Unaudited	Audited	Unaudited	Audited
		30-Sep-19	31-Mar-19	30-Sep-18	31-Mar-19
1	Total Income from Operation	220.26	470.43	301.54	771.95
2	Net Profit for the Period (before Tax, Exceptional Items and / or Extraordinary Items)	4.29	32.62	20.73	53.34
3	Net Profit / (Loss) for the Period (before Tax but after Exceptional Items and / or Extraordinary Items)	4.29	32.62	20.73	53.34
4	Net Profit / (Loss) for the period after tax	3.03	24.34	16.79	41.12
5	Minority Interest	(0.15)	(0.70)	-	(0.70)
6	Paid-up Equity Share Capital (Face Value Rs.10/-)	259.66	259.66	259.66	259.66
7	Earning per share (of Rs. 10/- each) (not annualised)				
	a) Basic	0.12	0.96	0.65	1.61
	b) Diluted	0.12	0.96	0.65	1.61

Notes :
1 The above Un- Audited results were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their meeting held on 13th November, 2019 by the Auditors of the company, in accordance with SEBI (Listing Obligations and Disclosure Requirement)Regulations, 2015.
2 The Statutory Auditors of the Company have issued un modified report.
3 Key data relating to standalone unaudited financial results of Bhanderi Infracon Limited is as under:

SR. NO.	PARTICULARS	Half Year Ended			Year Ended
		Unaudited	Audited	Unaudited	Audited
		30-Sep-19	31-Mar-19	30-Sep-18	31-Mar-19
1	Total Income from Operation	220.24	470.52	301.52	771.95
2	Profit from ordinary activities before tax	4.86	35.41	20.73	56.13
3	Tax expenses /(Credit)	1.26	8.27	3.94	12.22